# આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ

**વંચાણે લીધો:**(૧) સંયુકત સચિવશ્રી,કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃગકવ-૧૬૨૦૧૬-૨૨૪૦-ક.ર. તા.૧૩/૯/૨૦૧૭

(૨) ઉપસચિવશ્રી,કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ(ક.ર.),સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃગકવ/૧૬૨૦૧૮/૧૩૧૬/ક.ર. તા.૭/૬/૨૦૧૯

**શૈક્ષણિક/બિન-શૈક્ષણિક સંવર્ગના અધિકારી/કર્મચારી ઓને છઠ્ઠા પગાર પંચના દર મુજબ ઘરભાડા ભથ્થુ ચુકવવા બાબત...**

## પરિપત્ર

આથી તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવામાં આવે છે કે, રાજયની કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક/બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને સાતમા પગાર પંચની ભલામણો મુજબ સુધારેલ પગાર ધોરણનો લાભ વંચાણે લીધેલ ઠરાવ-(૧) અને (૨)થી તા.૦૧/૦૧/૨૦૧૬ની અસરથી મંજુર કરવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ સદર ઠરાવ-(૧)ની શરત નં.૭ અને ઠરાવ-(૨)ની શરત-૦૪માં **"રાજય સરકારના નિર્ણય અનુસાર અધિકારી/કર્મચારીઓને મળવાપાત્ર ભથ્થા વિદ્યમાન છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે."** તેવું જણાવેલ છે. સદરહું ઠરાવ અન્વયે હાલમાં જે ઘરભાડા ભથ્થું (HRA) ચુકવવામાં આવે છે તે છઠ્ઠા પગાર પંચ મુજબ શૈક્ષણિક સંવર્ગોને તા.૦૧/૦૩/૨૦૧૯ તથા બિન- શૈક્ષણિક સંવર્ગોને તા.૦૧/૦૭/૨૦૧૭ના પે બેન્ડ+ગ્રેડ પે=કુલ પગારના ૧૦% લેખે પગારમાં ઘરભાડા ભથ્થુ ચુકવવામાં આવે છે જેથી ઠરાવની જોગવાઇ મુજબ છઠ્ઠા પગાર પંચના સમયાંતરે કાલ્પનિક ૩% વાર્ષિક ઇજાફો છોડી જે પે બેન્ડ+ગ્રેડ પે =કુલ પગાર થાય તેના ૧૦% મુજબ ઘરભાડા ભથ્થુ ચુકવવા અંગેની કાર્યવાહી હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.

વધુમાં સરકારશ્રી તરફથી સાતમા પગાર પંચ અન્વયે ઘરભાડા ભથ્થાના નવા દર અમલમાં ન આવે ત્યાં સુધી ભવિષ્યમાં જયારે અધિકારી/કર્મચારીશ્રીઓના ઇજાફા મંજુર થાય ત્યારે ઉપર મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે તેમજ તા.૦૧/૦૧/૨૦૧૬થી આજ દિન સુધીના મળવાપાત્ર કાલ્પનિક ઇજાફા (છઠ્ઠા પગાર પ્રમાણે ) દરેક કચેરી દ્વારા છોડી તે અંગેના હુકમ જે તે કચેરીના ઉપાડ અને ચૂકવણા અધિકારી તેમજ યુનિટ અધિકારીની સહીથી જારી કરવાનો રહેશે અને તે મુજબ પગારમાં ઘરભાડા ભથ્થુ આકારવા માટે ઓડીટ ઓફીસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ, હિસાબ નિયામકશ્રીની કચેરી,આ.કૃ.યુ.આણંદને મોકલી આપવાના રહેશે.

પ્રસ્તુત પરિપત્ર હિસાબ નિયામકશ્રી,આ.કૃ.યુ.આણંદએ કચેરીની નોંધ ફાઇલ ઉપર આપેલ સંમતિ તેમજ માન.કુલપતિશ્રીએ ફાઇલ ઉપર આપેલ મંજુરી અન્વયે જારી કરવામાં આવે છે.

કુલસચિવ

**નં.આકૃયુ/રજિ/સંકલન/૪૧૩૧/૨૦૨૦**
**તા.30/07/૨૦૨૦**

**નકલ સવિનય રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.**

(૧) હિસાબ નિયામકશ્રી,આ.કૃ.યુ. આણંદ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
(૨) ઓડીટ ઓફીસરશ્રી, પે એન્ડ પેન્શન,આ.કૃ.યુ.,આણંદ
(૩) તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ તથા આપના તાબા હેઠળના તમામ કર્મચારીઓ પાસેથી ભવિષ્યે રાજય સરકારશ્રી દ્વારા સાતમા પગાર પંચ હેઠળ HRAના દર નકકી થાય તે સંદર્ભે HRAમાં વધ-ઘટની થતી રકમ બાબત બંધનકર્તા રહેશે તે મુજબનું બાંહેધરી પત્રક મેળવી કચેરી રેકર્ડમાં રાખવાનું રહેશે.

**નકલ રવાના:**

(૧) કુલસચિવના અંગત મદદનીશશ્રી,આ.કૃ.યુ.,આણંદ
(૨) આ કચેરીની એડીએમ શાખા-૩ તરફ.